NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક

समग्र शिक्षा
Samagra Shiksha

**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
**સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા**
**સેક્ટર નં. ૧૭, ગાંધીનગર–૩૮૨૦૧૭,**
**ગુજરાત રાજ્ય**
**ફોન નં. :૦૭૯–૨૩૨૪૩૧૩૩. ૨૯૬ ૪૩૧૩૩**

---

ક્રમાંક : SSA/MIS/૨૦૨૫/ ૩૭૮૬૧ - ૮૯૭ તા.૧૮/૦૭/૨૦૨૫

પ્રતિ,

(૧) જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
સર્વ શિક્ષા અભિયાન કચેરી
જિલ્લાઃ તમામ

(૨) શાસનાધિકારીશ્રી
નગર પ્રાથિમક શિક્ષણ સમિતિ
અમદાવાદ,વડોદરા, સુરત, રાજકોટ કોર્પોરેશન

વિષયઃ **સ્ટુડન્ટ, સ્કુલ, કલ્સ્ટર, બ્લોક, ડિસ્ટ્રીકટ રીપોર્ટ કાર્ડનો અસરકારક ઉપયોગ કરવા બાબતે**

રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ વર્ષ દરમ્યાન કરેલાં અભ્યાસના મૂલ્યાંકન અર્થે સત્રાંત કસોટી લેવાનું આયોજન રાજ્ય કક્ષાએથી કરવામાં આવે છે. શાળા કક્ષાએથી તમામ વિદ્યાર્થીઓના વિષયવાર પ્રશ્નવાર મેળવેલ ગુણની એન્ટ્રી કરવામાં આવી છે. જેના પૃથક્કરણના આધારે વિષયવાર અધ્યયન નિષ્પત્તિવાર પરિણામ તેમજ ધોરણવાર તમામ વિષયવાર એકંદરી પરિણામ તેમજ વર્ષ દરમ્યાન શિક્ષકો અને વિદ્યાર્થીઓની હાજરીની વિગતો સાથે વાચન સમીક્ષાનું ધોરણવાર અને શાળાનું એકંદર પરિણામ આ રીપોર્ટ કાર્ડમાં દર્શાવવામાં આવેલ છે. તેમજ આરોગ્ય વિભાગ દ્વારા શાળા આરોગ્ય ચકાસણીની માહિતીના આધારે શાળાના વિદ્યાર્થીઓની આરોગ્ય વિષયક માહિતી પણ દર્શાવેલ છે. જેની વ્યક્તિગત વિગત વિદ્યાર્થીઓના રીપોર્ટ કાર્ડમાં આપેલ છે. જેનાથી આપ સુવિદિત હશો.

શાળા કક્ષાએ તમામ વિગતો ઉપલબ્ધ કરાવી એક જ રીપોર્ટ માં શાળાની મહત્તમ માહિતી ઉપલબ્ધ કરવા માટે પ્રયત્ન કરેલ છે. આ રિપોર્ટ કાર્ડ ડાઉનલોડ કરવા માટે "Gyan - PRABHAV: Performance Reports of Assessments to Build History of Academic Volatility ચેટ બોટ ની સુવિધા ઉપલબ્ધ કરાવેલ છે.

**શાળાકક્ષાએ કરવાની થતી કામગીરીઃ–**

**સ્ટુડન્ટ રીપોર્ટ કાર્ડઃ** દરેક વિદ્યાર્થીની ક્ષમતા, વિષયવાર પ્રગતિ અને લર્નિંગ આઉટકમ (LO)-સ્તરના શૈક્ષણિક પ્રદર્શન તેમજ વિદ્યાર્થીના આરોગ્ય સંબંધિત ડેટા અને હાજરી જેવા મહત્વપૂર્ણ સૂચકાંકોનો સમાવેશ થાય છે. જેથી દરેક સ્ટુડન્ટના રીપોર્ટકાર્ડ અંગે જે તે વર્ગ/વિષય શિક્ષક માહિતગાર હોવા જોઇએ. તેમજ બાળકવાર જે અધ્યયન નિષ્પત્તિમાં નબળું પરિણામ જણાતું હોય તે ધ્યાને લઇને જે તે બાળકને તે અધ્યયન નિષ્પત્તિ પર વધારે વાર મહાવરો કરાવવાનો રહેશે.

**સ્કૂલ રીપોર્ટ કાર્ડઃ** અધ્યયન નિષ્પત્તિઓ (learning outcomes) ની દ્રષ્ટિએ શાળા ક્યાં છે તે સમજવા માટે આ સૌથી મહત્વપૂર્ણ સાધન (tool) છે. તેથી શાળા કક્ષાએ સ્કુલ રીપોર્ટકાર્ડ ડિસ્પ્લે થવું જરૂરી છે. તેમજ જે વિષયના લર્નિંગ આઉટકમમાં સુધારાની જરૂરિયાત જણાતી હોય તો તેનું આયોજન પણ શાળા કક્ષાએ કરેલ હોવું જોઇએ.

**ક્લસ્ટર કક્ષાએ કરવાની થતી કામગીરીઃ–**

**ક્લસ્ટર રિપોર્ટ કાર્ડઃ** ક્લસ્ટર રીપોર્ટ કાર્ડ CRC કો.ઓર્ડિનેટર્સને તેમની શાળાઓનું વધુ સારી રીતે નિરીક્ષણ કરવામાં અને જરૂરી સમર્થન આપવામાં મદદ કરે છે. તેથી સી.આર.સી. કો.ઓર્ડિનેટર પાસે કલસ્ટર રિપોર્ટ કાર્ડ હોવું ખૂબજ જરૂરી છે. જેના આધારે સી.આર.સી. કો.ઓ.એ **શાળા મુલાકાત અને મોનીટરીંગ દરમ્યાન શૈક્ષણિક સુધારા અંગે શાળા કક્ષાએ જરૂરી દિશાનિર્દેશ** આપવાના રહેશે.

**બી.આર.સી. કક્ષાએ કરવાની થતી કામગીરીઃ–**

**બ્લોક રિપોર્ટ કાર્ડઃ** બ્લોક રીપોર્ટ કાર્ડ BRC કો.ઓર્ડિનેટર્સને ક્લસ્ટર–વાર વલણોનું મૂલ્યાંકન કરવા સક્ષમ બનાવે છે. જેથી સી.આર.સી. મુલાકાત સમયે જે અધ્યયન નિષ્પત્તિમાં નબળું પરિણામ જણાતું હોય તેવા સી.આર.સી. સેન્ટરની વારંવાર મુલાકાત લઇ જરૂરી માર્ગદર્શન આપવાનું રહેશે.

**જિલ્લા કક્ષાએ કરવાની થતી કામગીરીઃ–**

ડિસ્ટ્રીકટ રીપોર્ટ કાર્ડ, સમગ્ર જિલ્લાની શૈક્ષણિક સ્થિતિને ટ્રેક કરવા અને વધુ કેન્દ્રિત પગલાં લેવાની યોજના બનાવવા માટે ઉપયોગી છે. જેથી જિલ્લાના તમામ મોનિટરીંગ સ્ટાફે જે તે લેવલે મુલાકાત કરી ઉપરોકત સંદર્ભે જરૂરી માર્ગદર્શન આપી ફોલોઅપ લેવાનું રહેશે.

જિલ્લા પ્રોજેકટ કોઓ.શ્રીએ ઉપરોકત તમામ રીપોર્ટ કાર્ડનો જે તે લેવલે યોગ્ય ઉપયોગ થાય છે તે સુનિશ્ચિત કરવાનું રહેશે તેમજ સમયાંતરે ફોલોઅપ લઇ માર્ગદર્શન આપવું ખૂબજ જરૂરી છે. જેથી જિલ્લાના ઓવરઓલ આઉટકમમાં સારો સુધારો જોવા મળશે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માં લેવાયેલ દ્વિતીય સત્રાંત કસોટી (SAT) ના રીપોર્ટ કાર્ડ (Student/School/Cluster/Block/District) GYAN PRABHAV પર https://bit.ly/GYAN-PRABHAV લિંક પરથી ડાઉનલોડ કરી શકાય છે. **જે ડાઉનલોડ કરી ઉપરોક્ત વિગતે યોગ્ય કાર્યવાહી માટે તમામ શાળા, ક્લસ્ટર અને બ્લોક કક્ષાએ જે તે કક્ષાના રીપોર્ટ ડિસપ્લે કરેલા હોય અને ઉક્ત વિગતે સૂચનાઓ મુજબ કાર્યવાહી હાથ ધરાય તે જિલ્લા કક્ષાએ કાર્યરત Q.E.M. કો.ઓર્ડિનેટર મારફત સુનિશ્ચિત કરવા આથી સૂચના આપવામાં આવે છે.**

ઉપરોક્ત વિગતે, GYAN PRABHAV Chat Botના માધ્યમથી ઉપલબ્ધ રીપોર્ટ કાર્ડને આધારે પગલાં લેવા માટે આપની કક્ષાએથી જરુરી કાર્યવાહી, સમીક્ષા અને મોનિટરીંગ કરવા આથી જણાવવામાં આવે છે.

**એડી. સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર**
**સમગ્ર શિક્ષા, ગાંધીનગર**